સુપ્રભાતમ્

સુરેશ પ્રા. ભટ્ટ
99789-26251

સલામી સવારની..

ભોળી કબૂતરીઓ અહીં પિંખાઈ જાય છે!
દેહ અને ચારિત્ર્ય અહીં ચૂંથાઈ જાય છે!
દબાઈ જાય અવાજ અહીં જ કબરમાં -
'ડૂસકાં' નો વિકાસ અહીં વિલાઈ જાય છે!
(રાક્ષસોનું આશ્રયગૃહ)

હાઈકુ

'શોક વાટિકા'
ઝૂરે અનાથ બાળા -
રાવણો રાજી...

દુષ્કર્મો માટે
શ્રી સરકાર દ્વારા -
(માન્ય સંસ્થાઓ...)

(સરકાર દ્વારા, સહાયથી ચાલતાં દુષ્કર્મ - ગૃહો)

ચિંતન

પ્રારબ્ધ પુષ્યતિ વપુરિતિ નિશ્ચત્ય નિશ્ચલઃ ।
ધૈર્ય માલમ્બલ્ય યત્નેન સ્વાધ્યાયસાપનયં કુરુ ॥

ઉપરોક્ત શ્લોક ભક્તિસૂત્રમાંથી લેવામાં આવેલ છે.

પ્રારબ્ધને લીધે શરીરનું પોષણ થઈ રહ્યું છે, આમ નિશ્ચય કરી, અડગ બની, ધૈર્ય ધારણ કરી, પ્રયત્નપૂર્વક આત્મામાં થયેલા અધ્યાસને દૂર કર.

પૂર્વજન્મોના કર્મોને કારણે સારાં કે માઠાં નશીબનું 'પેકેજ' લઈ આપણો ગરીબ કે ધનવાનને ત્યાં જન્મ થાય છે. સારાં પૂણ્ય કાર્યોનું ફળ સારું નશીબ આપે છે.

પાપ કર્મોનું ફળ ખરાબ સંસ્કાર અને કુબુદ્ધિ આવે એવા પર્યાવરણવાળા ઘરમાં જન્મ આપે છે.

આમ સુખ-દુઃખના નશીબ આપણે જ કરેલાં કર્મોનું ફળ છે. હસતાં-રમતાં સહન કરી એને સ્વીકારો. દુઃખી ન થાવ.

સુવિચાર

- જિંદગી એટલે મોટા ભાગના લોકો માટે આદર્શ અને શક્ય વચ્ચે સમાધાન - **બર્ટ્રાન્ડ રસેલ**
- કોઈની ચાડી ચુગલી ન કરો, ચાડી ચુગલી એ પોતાના જ મૃત ભાઈનું માંસ ખાવા બરાબર છે એવું ખાવાનું કોને ગમે ? - **કુરાન**
- કોઈના પણ પ્રત્યે ધૃણા એ ઈશ્વર પ્રત્યે ધૃણા છે - **મા આનંદમયી**
- જયાં કોઈ પણ કામ પાર પાડવાની ઈચ્છા અને દૃઢ સંકલ્પ હોય ત્યાં કોઈ ને કોઈ રસ્તો અથવા ઈલાજ ગમે ત્યાંથી આવી મળે છે - **એસ. ભટ્ટાચાર્ય**
- કોઈક કરે છે એન આપણે એમ કહીએ 'હું કરું છું' તે અહંકાર, કોણ કરે છે તે જાણે તો તે ભગવાન - **ડો. નીરુબહેન અમીન**
- તમારી માતા તમારી ચિંતા કરતી બંધ થઈ જાય ત્યારે સમજવું કે તમે ઘરડા થયા છો - **વિલિયમ રાયેન**
- આજનું ઔષધ : જવના લોટમાં તલનું તેલ છાશ સાથે મિક્સ કરી ખંજવાળ ઉપર લગાડવાથી ખંજવાળ મટે છે

(સંકલન : દીપક વી. આશરા)

બોધકથા

એક રાજાને ત્રણ રાજકુમાર હતા. ત્રણેય રાજકુમાર યુદ્ધ કળામાં નિપુર્ણ હતા. એક વાર પડોશી રાજાએ તેમના રાજય ઉપર હુમલો કર્યો. હુમલો કરનાર રાજાનું સૈન્ય ઘણું મોટું હતું. રાજાએ ત્રણેય રાજકુમારને એક પછી એક બોલાવીને પૂછ્યું, 'શું તમે આ લડાઈમાં શત્રુ પર વિજય મેળવી શકશો ?'

સૌથી મોટા રાજકુમારે કહ્યું, 'જો મને બમણી સેના મળે તો આ યુદ્ધ જીતી શકાય.' વચેટ રાજકુમારે કહ્યું, 'આટલી મોટી સેનાનો મુકાબલો શક્ય નથી. આથી શત્રુ સાથે સમજૂતી કરી લેવી જોઈએ.' સૌથી નાના રાજકુમારે કહ્યું, 'હું યુદ્ધ નિશ્ચિત રૂપે જીતીશ.' તો રાજાએ પૂછ્યું, 'રાત્રીની સેનાના મુકાબલે આપણી સેનામાં મુઠ્ઠીભર સૈનિકો છે અને હથિયાર પણ ઘણાં ઓછા છે.' લડાઈ સેના અને હથિયારોથી નથી લડાતી બ્લકે હિંમત અને જુસ્સાથી લડાય છે. મારી પાસે સાહસ છે જેનું મહત્ત્વ સૈન્યશક્તિ કરતાં અનેક ગણું છે.' રાજાએ નાના રાજકુમારને લડવા મોકલ્યો અને એ જીતીને પાછો આવ્યો રાજાએ એને રાજપાટ સોંપી દીધું.

બંગાળ માટે ખરાખરીનો ખેલ

તંત્રીસ્થાનેથી...

ભારતીય જનતા પાર્ટી કયારેય 'સેવન સિસ્ટર્સ' તરીકે ઓળખાતા ઈશાનિયા મુલકમાં પણ ભગવો ફરકાવી શકશે એવી તો ખુદ એના પ્રચંડ પુરુષ અટલ બિહારી વાજપેયી કે જનસંઘના સ્થાપક ડૉ. શ્યામાપ્રસાદ મુખર્જીને પણ કલ્પના નહીં આવી હોય. મોદીએ જે કેટલાય રાજકીય વિકમો સ્થાપ્યા છે એમાં ઉત્તરપૂર્વના આ રમણીય પ્રદેશમાં યેનકેન પ્રકારેણ ભાજપનું શાસન સ્થાપ્યું છે તે સીમાચિહ્ન સમું છે. જમ્મુ અને કાશ્મીરમાં ભારતીય જનતા પાર્ટી કયારેય સત્તા પર ન આવી શકે. ત્યાં પણ મોદીએ મહેબૂબા મુફતી સાથે સત્તામાં ભાગીદારી કરીને એક મોટું પરાક્રમ કર્યું હતું. એ પ્રયોગ મોંઘો જરૂર પડ્યો પણ દુનિયા એટલું તો સમજી કે કાશ્મીરમાં પણ હિંદુત્વને વરેલી રાજકીય પાર્ટી પગપેસરો કરી શકે છે. પશ્ચિમ બંગાળનાં મુખ્યમંત્રી મમતા બેનર્જી માટે 'આમાર સોનાર બાંગ્લા' ભાષી પ્રદેશ એ જ હિંદુસ્તાન છે. એમને દિલ્હીનું મયૂરાસન મળી જાય અને બદલામાં પશ્ચિમ બંગાળમાં ભાજપનો ભગવો લહેરાય તો એ દિલ્હીનાં મહારાણી થયા છતાં પોતે વતનમાં હારી ગયાની એવી પીડા અનુભવે કે એમની ઊંઘ હરામ થઈ જાય. અત્યારે ભાજપની જુગલજોડીએ મમતાને ઉખાડી ફેંકવાનું રાજકીય મિશન હાથ ધર્યું છે. એ માટે એમને બાંગ્લાદેશી ઘૂસણખોરોનો મુદ્દો મદદરૂપ થઈ શકે એમ છે. એન આર સી - નેશનલ રજિસ્ટર ઓફ સિટીઝન્સમાં ગેરકાયદેસર રહેતા મતદાતાઓને હદ પાર કરી ભાજપ મૂળ નિવાસીઓની સહાનુભૂતિ હાંસલ કરવા કૃતસંકલ્પ છે. શરણાર્થી બાંગ્લાદેશીઓમાં મોટા ભાગના હિંદુ છે, જયારે વખાના માર્યા આજીવિકા માટે ભારતીય પ્રદેશોમાં ઘૂસી આવેલા લગભગ તમામ લોકો મુસ્લિમો છે, જે અગાઉ જયોતિ બસુના સામ્યવાદી શાસન દરમિયાન ડાબેરી પક્ષોને મત આપતા હતા અને મમતા બેનર્જીએ ડાબેરીઓને ઉખાડી ફેંક્યા ત્યાર પછી તે બધા જ પોતાની સલામતી અને ધંધા રોજગાર સચવાય તે હેતુસર તૃણમૂલ કોંગ્રેસ તરફ વળ્યા છે. મમતા બેનર્જી આવા મતદારોના જોર પર જ ચૂંટાતાં હોવાના આક્ષેપો થતા રહ્યાં છે. એમની આ રાજકીય ગણતરી જ જવાબદાર હોવાનું પ્રસ્થાપિત કરવાનો વન પોઈન્ટ પ્રોગ્રામ ભાજપના રાષ્ટ્રીય અધ્યક્ષની રેલીમાં વ્યકત થયેલ અભિપ્રાયો દર્શાવે છે. એમને દૂર્ગાપૂજાનો મુદ્દો પણ ઉપસ્થિત કરી મમતા બેનર્જી જાણે એ પરંપરાગત પર્વનાં વિરોધી હોય એવી છાપ ઊભી કરી હિંદુત્વનું કાર્ડ ઊતરવાની કોશિશ કરી છે. માત્ર બાંગ્લાદેશી ઘૂસણખોરોના જ વોટિંગથી મમતા બેનર્જી વિજયની હેટ્રિક લગાવી શક્યાં છે એવું માનવું એ તો મૂર્ખાઓના સ્વર્ગમાં રાચવા જેવું ગણાય. મમતા દીનહીન, શોષિતવંચિત વર્ગો સાથે અદ્‌ભૂત તાદાત્મય ધરાવતાં ડાઉન ટુ અર્થ લોકનેતા છે, તે હકીકત નકારી શકાય એવી નથી. રતન ટાટા જેવાને 'નેનો' પ્રોજેક્ટ માટે ધરાર ઈન્કાર કરવાની ક્ષમતા મમતા બેનર્જી જ દાખવી શકે. એથી પશ્ચિમ બંગાળ માલેતુજાર ઉદ્યોગપતિઓ માટે સલામત નથી એવી છાપ જરૂર ઊપસી છે અને એ મુદ્દાનો લાભ લેવા ભાજપ ભરપૂર પ્રયાસ કરી રહ્યું છે. મમતાને એકલા હાથે ત્રણ ત્રણ પરિબળો વિરુદ્ધ ઝીંક ઝીલવાની છે. કોંગ્રેસ, ડાબેરીઓ અને ભાજપ : ત્રણેને હંફાવનારી આ બંગાળની વાઘણના દાંત પાડવા કે એના નહોર ઉખાડવા માટે મોદી-શાહની જોડી તમામ હથકંડા અપનાવશે, છતાં રાષ્ટ્રીય સ્તરે મોદીશાસન અને ભાજપની સામે ગઠબંધન રાજનીતિનાં પ્રણેતા મહિલા નેતાને એમની પીચ પર જ ઢાળી દેવામાં એને કેટલી સફળતા સાંપડશે તે કહેવું અત્યારથી કહેવું ઘણું અઘરું છે.

સમલીંગતાને અપરાધમાંથી બાકાત રખાશે

કાયદો અને કાનૂન
અશ્વિન ત્રિવેદી

સુપ્રિમ કોર્ટ ઓફ ઈન્ડીયામાં ત્રણ દિવસ સુધી ચાલેલા સમલીંગતા મામલામાં સુનાવણીનો સાર કાઢવામાં આવે તો હવેથી સમલીંગતાને અપરાધ ગણવામાં આવશે નહિ મતલબ કે સજાતીય સબંધના વિરૂધ્ધમાં લાગતી કલમ ૩૭૭ રદ કરવામાં આવશે.

નામદાર સુપ્રિમ કોર્ટે જણાવ્યું કે સમલીંગતા મામલે નિર્ણય પબ્લીક ઓપીનીયન સમાજની અવધારણાના બદલે કાયદાકિય રીતે મુળથી તે આવશે. મસલીંગતા અપરાધ નહિ રહેતા તેની સાથે જોડાયેલા સામાજીક કલંક અને ભેદભાવ પણ દૂર થશે કલમ ૩૭૭ અકુદરતી યૌન સબંધોને દંડનીય ગણવામાં આવે છે.

પાંચ જજોની વિશિષ્ટ ખંડપીઠમાં નિર્ણય લેવામાં વિચાર કરી રહી છે યાચીકા કરતાએ બે વયસ્ક વ્યક્તિને સબંધ બાંધતા પછી તે શારિરીક પણ કેમ ના હોય કાયદો કે સમાજ અટકાવી શકે નહિ તેવી રજુઆત કરેલ છે. પરસ્પર સમંતીથી બે સજાતિય વ્યક્તિ સબંધ બાધે તો તે અમાનવીય અપરાધ નથી એકાંતમાં ઉદ્દેભવેલ આવા સબંધોએ અપરાધની શ્રેણીમાં આવવા જોઈએ નહિ.

સમાજમાં એવું વાતાવરણ તૈયાર કરવામાં આવશે કે જેનાથી સમલીંગ ભેદભાવ નહિ ઉદ્દભવે કલમ ૩૭૭ રદ કરવામાં આવશે તો સામાજીક મૂલ્યોમાં આવશે લોકોની નજરમાંથી અપરાધ વાતાવરણ મટશે અને સજાતિય સમલીંગી લોકોને સમાજમાં માનભેર સ્થાન મળશે. સમલીંગી સબંધોને માનસીક બીમારી ગણાય છે જેમાં યૌનમાં રૂચી દાખવનાર સાથે અપરાધી જેવી માનસીકતા ઉભી કરવામાં આવે છે.

મેન્ટલ હેલ્થ કેયર એકટમાં પણ આ બાબતનો ઉલ્લેખ કરવામાં આવ્યો છે જેમાં સમલીંગી લોકો સામે અલગ પ્રકારનો વ્યવહાર સમાજમાં કરવામાં આવતો હોય છે જે ભેદભાવ ૧૫૦ વર્ષ ઉપરાંતથી ભારતીય સમાજમાં ચાલતો આવ્યો છે. સુનવણી દરમ્યાન કેટલાક પક્ષકારોએ કલમ ૩૭૭ રદબાતલ ઠરાવવા દલીલો કરેલ તો કેટલાક પક્ષકારોએ તેનો વિરોધ પણ કરેલ છે અપીલ કરતાએ સમલીંગી સબંધ ધરાવતા સમુદાય સાથે સામાજીક ભેદભાવ પ્રવર્તે છે જેમાં સિધ્ધાંત નક્કિ કરવા જોઈએ સકારાત્મક અભિગમ કેળવવા વાતાવરણ તૈયાર કરવું જોઈએ જો કે નવી પેઢી તેમાં કોઈ છોછ કે ભેદભાવ ધરાવતી નથી જુનવાણી પેઢી આ સબંધ સ્વીકારવા કયારેય તૈયાર થશે. નહિ. ફકત માનસીકતા જ નહિ પરંતુ સ્વાસ્થ્યની હરદ્રષ્ટીએ ભેદભાવ મીટાવવો જોઈએ.

પ્રાચીન ભારતીય સાહિત્યમાં પણ સમલીંગી સબંધોને અનુમોદન આપેલ છે મહાભારત કાળ, રામાયણ કાળમાં આના શ્રેષ્ટ ઉદાહરણ આપેલ છે પ્રાચીન દેવી દેવતાની કોતવણીમાં ખજુરાહોની કોતવણીમાં આ પ્રકારના પાત્રોના ઉલ્લેખવાળી આકૃતિઓ મળી શકે છે જેથી ભારતમાં સમલીંગતા માન્ય હતી તે સાબીત થાય છે પાછળથી અંગ્રેજ યુગ આવ્યો ઈસાઈઓના આવ્યા બાદ સમલીંગતાને અપરાધ માનવા લાગ્યા. ભારતીય સંવિધાનની કલમ ૧૫ માં કહે છે કે કોઈપણ જાતિ, ધર્મ, લીંગ સામે ભેદભાવ કરવો જોઈએ નહિ. જાતી લંગનો ભેદભાવ એ અપરાધ માનવમાં આવ્યો છે જેમાં લીંગની સાથે યૌન અભિરૂચી પણ સામેલ કરવામાં આવવી જોઈએ કેમ કે સમલીંગો સાથે આ મુદ્દા ઉપર જ ભેદભાવ પ્રવર્તે છે.

સંવિધાનની અનુચ્છેદ ૨૧ માં ઈન્ટેમેસીના અધિકાર સામેલ કરવા જોઈએ. આ અંગતતાના અધિકારનો હિસ્સો છે. વ્યક્તિ ગમે તે ગમતી વ્યક્તિ સાથે સજાતિય અંગત પળો માંણી શકે છે તે તેની વ્યક્તિગત પસંદગીનો સવાલ છે તે તેની અંગત જીંદગી છે. સમલીંગી સમુદાય હમેંશા ભયમાં જીવતો આવ્યો છે અપરાધીક ભાવના નહિ ઉદ્દભવે તો સશક્ત મનોબળ આવશે, માનસીકતા મજબુત થશે પોતે સશકત અનુભવશે જેથી સામાજીક રીતે નિર્ભય રીતે વર્તી શકશે. સમાજમાં લોકોના મનમાંથી ભેદભાવ દૂર થશે તો સાર્વજનીક રીતે સ્વીકારતા થશે નોકરીઓનો પ્રશ્ન હલ થશે, રોજગારી મળતા પગભર થતા પોતે જાતે નિર્ણય લઈ શકશે તેના ઉપર કોઈ પણ પ્રકારની રોકટોક, અટકાયત થશે નહિ. સમાજમાં મુક્ત રીતે હરીફરી મળી શકશે, મેળાવડા તથા સામાજીક વહેવારમાં, તહેવારમાં, ભાગ લઈ શકશે.

જબરજસ્તીથી આનો ઉપયોગ કે ઉપભોગ થશે તો કાયદો કાયદાનું કામ કરશે જ જબજસ્તથી આવા સમલીંગોને તોડી પાડવા વિપરીત લીંગ સાથે લગ્ન કરાવવામાં આવે છે જેનાથી ત્રીજા પાત્રની જીંદગી બરબાદ થાય છે અને લગ્નજીવન લાંબા

અનુસંધાન પાના નં ૭ પર

ભારતનાં રખવાળાં કરશું, ભારતમાં અજવાળાં ભરશું

WhatsApp ઑફ ધી વીક
નેહલ ગઢવી

દોસ્તો, સફરના સાથીઓ! એ દેશની ખાજો દયા -
જયાં ધર્મનો છાંટો નહીં, ફિરકા છતાં ફાલી રહ્યા....
'રંગ છે બહાદુર !' બિરદાવી ફુલેકે ફેરવે,
જે પ્રજા નાચી રહે ગુંડા-ટણકને ટેરવે,
ને દમામે જીતનારાને ગણે દાનેશરી -
હાય, એવા દેશના જાણે ગયા છે દી ફરી !...
જાણજો એવી પ્રજાના ખીલડા ખૂટલ થયા,
દોસ્તો, સફરના સાથીઓ ! એ દેશની ખાજો દયા...

- ખલિલ જીબ્રાન (અનુ. સાંઈ મકરન્દ)

શું આપણો દેશપ્રેમ વર્ષની બે તારીખો ૧૫મી ઓગસ્ટ અને ૨૬મી જાન્યુઆરી પૂરતો જ જાગૃત થાય છે? શું વોટ્સએપના DP અને Status માં જ આપણો દેશપ્રેમ દર્શાવવાથી દેશ પ્રત્યેની આપણી ફરજ પૂરી થઈ ગણાય ? રોજ સવારે દીવો, અગરબત્તી, પૂજા-પાઠ, પ્રાર્થના કરનારા આપણે સ્કૂલમાં બોલેલી પ્રતિજ્ઞા શાળાજીવન બાદ બોલીએ છીએ ખરા ? ઈષ્ટદેવનું સ્મરણ, ધરતીમાતાની પૂજા અને સૂર્યદેવની આરાધના સાથે આ દેશમાં રહેવા મળ્યું છે એ વાતને યાદ કરીને ભારત માતાની આરતી-વંદના દરજો કરીએ છીએ ખરા ? આ તમામ પ્રશ્નો આપણે આપણી જાતને પૂછીએ અને જે જવાબ મળે તે પરથી આપણું પોતાનું જ મૂલ્યાંકન કરીએ કે આ દેશ કે જેમાં આપણે આખું જીવન વ્યતીત કરવાના છીએ, માત્ર આપણે જ નહી આપણી પાછલી પેઢી તેમ જ આવનારી પેઢી પણ અહીં જ જીવવાની છે ત્યારે આ 'ભારત માતા' પ્રત્યેની આપણી ફરજ શું છે અને શું આપણે એ ફરજ પૂરી કરીએ છીએ ખરા!?

સવારે ઊઠ્યા અને રાતે સૂતા તે વચ્ચે દિવસભરમાં એક વાર પણ જેણે આખા દેશનો વિચાર કર્યો હોય, એવી વ્યક્તિઓ કેટલી હશે ?

સ્વતંત્રતા માટે લડતા હતા ત્યારે ગામડામાં બેઠેલો નાનો અમથો સેવક, ગ્રામસફાઈ કરતાં કે રેંટિયો કાંતતાં, વાઈસરોયને ગાંધીજીએ લખેલા પત્રનો કે એવા કોઈ નિવેદનનો ખુમારીપૂર્વક વિચાર કરતો અને પોતાના હૃદયના તાર રાષ્ટ્રીય ધ્યેય સાથે સાંધતો. આજે એવું સંધાન જવલ્લે જ જોવા મળે છે. જાણે કે દરેક વ્યક્તિ, દરેક જૂથ પોતાનું ભલૂ કરી લેવા માંગે છે; પછી આખા દેશનું ગમે તે થાઓ. કદાચ જે મૂળે આપણી રાષ્ટ્રીય કમજોરી હતી જ, તે લોકશાહી સ્વાતંત્ર્ય મળ્યા પછી વધુ વકરી છે.

આપણે સૌએ સચેત થઈને વિચારવા જેવો મોટો પ્રશ્ન હોય તો તે એ છે કે ભારતની લોકશાહીને થયું છે શું ? કેમ કશું થતું નથી ? કેમ આપણે આપણી જાતને ગરીબીમાંથી ઊંચે ઉઠાવી શકતા નથી ? કેમ વધુ ને વધુ લોકો ગરીબીની રેખાની નીચે હડસેલાતા જાય છે ? દેશનો અત્યારનો મહારોગ છે પ્રજાનું કાંઈ કામ થતું નથી તે. સત્તારખુ રાજરમતો કુલ શક્તિ અને સમયને ખાઈ જતી લાગે છે.

કદાચ ચૂંટણીઓ જીતવાની તરકીબમાં ફાવટ આવી ગયાને લીધે લોકલાગણીને અંગે બેદરકારી વધી હોય. આ નઠોરતાને લીધે દેશમાં લોકશાહીનો બહારનો આકાર માત્ર રહેવા પામ્યો છે અને તેનો આત્મા સતત ઓસવાતો રહ્યો છે.

●●●

સમત્વ વિના લોકશાહી ઊણી છે. અને સમત્વ પણ જો બંધુતા વિના આણો, તો એ લોહિયાળ અને વિકૃત થઈ બેસે છે. બંધુતા વગર સમત્વ પણ રાક્ષસી થઈ શકે છે, અત્યાચારો કરી શકે છે. સમત્વ, સ્વતંત્રતા અને બંધુતા, એ ત્રણેયનો સમન્વય થવો જોઈએ.

અત્યારની સરકારોમાં મંડાણ મહદ્ અંશે ભ્રષ્ટાચાર ઉપર થયેલ હોય છે. જે સરકાર ભ્રષ્ટાચાર દ્વારા અસ્તિત્વમાં આવે છે, તે ભ્રષ્ટાચાર અને હિંસા દ્વારા ટકી રહે છે. સંઘરાખોરો અને નફાખોરો પાસેથી ભ્રષ્ટાચારી સરકાર જે બધા પૈસા મેળવે છે, તે છેવટે તો ચીજવસ્તુ ખરીદનારાઓ તરીકે (લોકોએ) જ કમ્મર વાંકી કરીને ચૂકવવાના રહે છે.

વ્યવહારજગતના આ બધા પ્રશ્નો તો સમાજમાં આવવાના જ. તેનાથી દૂર ભાગ્યે નહીં ચાલે. દરેક સમાજમાં કેટલાક સજ્જનો એવા (પણ) હોવા જોઈએ, જે પક્ષીય રાજકારણથી મોટે ભાગે અલિપ્ત હોય. સરકારો અને હરીફ રાજકીય પક્ષો, બંનેને તેમની મર્યાદાનું ભાન કરાવી શકે અને પ્રજાજીવનના ધારણરૂપ બની શખે એવા તટસ્થોની વધુ ને વધુ જરૂર પડવાની.

●●●

આપણા દેશના અનેક પ્રશ્ન એકી સાથે ઉગ્ર રૂપમાં દેશની સામે ઊભાં થતાં આવે છે. કોમવાદનો પ્રશ્ન કદાચ સૌથી વિકટ હશે.

અવનવી પરિસ્થિતિઓ તો ઉપસ્થિત થવાની જ. પણ એવે વખતે હારી ખાવાને બદલે, પોતાને સમજાયેલું સત્ય આ નવી પરિસ્થિતિમાં કેટલું ટકી શકે છે એ જોવામાં આત્મવીરો રાચતા હોય છે. કોમી કડવાશો તો કાલ ઊઠીને એક દુઃસ્વપ્નની જેમ શમી જશે. ઈઠ્ઠોતેર વરસની લથડતી કાયાએ, પણ અડગ આકીનથી, આ દેશની આમ જનતાના હૃદયમાં એકતાને સંકોરવા શાંતિયાત્રા કરી રહેલા રાષ્ટ્રપિતાની છબી માત્ર યાદ રહી જશે.

આપણે આત્મવીરોનાં આવાં આચરણનાં માત્ર ગુણગાન જ ગાઈશું ? એમની કસોટીના પ્રસંગ હળવા બને એનો આપણી ઉપર જ શું ઠીક ઠીક આધાર નથી ?

આપણે ગાંધીજી જોડે મનોયાત્રા કરવાનો પણ પ્રયત્ન કરી જોયો ? એમના પગલામાં પગ મૂકવાની - ભલે ને સહસ્ત્ર માઈલો પાછળ ! - હૃદયમાં ઊર્મિ સરખી ઊઠી ? આત્મપરીક્ષણ માટે એક જ પ્રશ્ન વિચારીએ : આપણે જે કોમના હોઈએ તેથી અન્ય કોમનાં માણસોમાં, આપણે જેને ચાહતા હોઈએ એવા આપણાને મિત્રો છે ? કેટલા છે ? હૃદયની સાંકડી પાળો વિસ્તારવાનો આ અવસર નથી ?

- ઉમાશંકર જોષી

આવો, આ સ્વાતંત્ર્યદિને દેશ પ્રત્યેની ફરજ સભાન બનીન્એ. આ દેશે જે ભૂમિ, અન્ન, વસ્ત્ર આપ્યા તેનો ઉપકાર માનઈએ, મા-બાપ આપણને ઉછેરે, મોટા કરે, ભણાવે-ગણાવે તો તેમનો આપણે આજીવન ઉપકાર માનીએ છીએ. તો શું દેશ પ્રત્યે આપણી કોઈ ફરજ ન બને ? જો આપણું ભણતર આપણું કૌશલ્ય આપણા દેશના કામમાં ન વપરાય તો તેનો શું અર્થ ? આવો, સૌ સાથે મળીને દેશનું, દેશની સ્વતંત્રતાનું અને દેશષ માટે બલિદાન આપનારા સર્વેનું ઋણ સૌ સાથે મળીને ચૂકવી દઈએ ! એ દિશામાં નવું પ્રયાણ આદરીએ.

Last Seen :

ભારતનાં રખવાળાં કરશું, ભારતમાં અજવાળાં ભરશું :
ઝિન્દાબાદ, ઝિન્દાબાદ ! દેશ અમારો ઝિન્દાબાદ !
થાક અમે સ્હેજે ના ગણશું, પાયાની નવચરણતર ચણશું;
અમે બંસરી, અમે ખંજરી બની મુલકમાં
મધુર કૂજશું ને રણઝણશું :
ઝિન્દાબાદ, ઝિન્દાબાદ ! દેશ અમારો ઝિન્દાબાદ !
અમે ગાંધી-નહેરુને પગલે, તિરંગાની શાન બઢવશું,
સરોજિની-કસ્તુરબા થઈને અમે દેશનાં ગાન ગજવશું :
ઝિન્દાબાદ, ઝિન્દાબાદ ! દેશ અમારો ઝિન્દાબાદ !

- હસિત બૂચ
- nehalgadhavi101@gmail.com

દ્રવિડનાડુના પ્રણેતા કરુણાનિધિને ભારતરત્ન આપવાનું રાજકારણ

અતિતની આજ
ડૉ. હરિ દેસાઈ

- **કળઈંગરનો પક્ષ દ્રમુક અને એમજીઆરનો પક્ષ અન્નાદ્રમુક મહદઅંશે વારાફરતાં સત્તામાં આવતા રહ્યા**
- **તમિળનાડુમાં હવે ફિલ્મોનું અફીણ ઉતરી જતાં કરુણાનિધિના અવસાનથી એ અવતારવાદનો યુગ પૂરો**
- **બંને મુખ્ય દ્રમુક પક્ષોની દિલ્હીના સત્તાધીશો સાથેની નીતિ "જિસકે તડ મેં લડુ, ઉસકે તડ મેં હમ" જેવી**
- **નાણાંની થેલીઓનાં ખેલાતાં રાજકારણમાં ક્યારે કોણ કોની વહેલમાં બેસી સોગઠી મારે એ ભણી મીટ**

ચેન્નઈની મરીના બીચ પર દરિયાકાંઠા નિયંત્રણ ક્ષેત્ર (સીઆરઝેડ)ને લગતા કાયદાની ઐસીકી તૈસી કરીને દ્રવિડ ચળવળના પ્રણેતા ઈ.વી.રામસામી, મુખ્યમંત્રીઓ અન્નાદુરાઈ, એમ.જી.રામચંદ્રન અને જયલલિતાને દફન કરાયાં હતાં એની લગોલગ એમ.કે.કરુણાનિધિને દફનાવવા માટે વડી અદાલતે મોકળાશ કરી આપી. એ પહેલાં અન્નાદ્રમુકની સરકારે થોડું ત્રાગું કરી લીધું.મામલો વણસે એ પહેલાં ઉકેલ શોધી લેવાયો. એ પછી તૂર્તજ ભારત સરકારનો સર્વોચ્ચ ઈલકાબ "ભારતરત્ન"થી "કળઈંગર"(કળાના જાણકાર) કરુણાનિધિને નવાજવાની માંગણી છેક રાજ્યસભામાં ય બુલંદ કરવામાં આવી છે. તમિળનાડુમાં ભગવાન રામ અને રામસેતુના દ્રોહી, નાસ્તિકવાદના પ્રણેતા, ઉત્તર ભારત અને હિંદી વિરોધી દ્રવિડ ચળવળના સૂત્રધાર, લિબરેશન ઓફ તમિળ ટાયગર્સ ઈલમ (એલટીટીઈ) જેવી પ્રતિબંધિત ખૂનખાર ત્રાસવાદી સંસ્થાના પ્રગટપણે સમર્થક તેમજ અલગ દ્રવિડનાડુના ટેકેદાર એવા ભ્રષ્ટાચારમાં શિષ્ટાચાર નિહાળતા "અવતારીપુરુષ" મનાતા કરુણાનિધિના ૭ ઓગસ્ટ ૨૦૧૮ના રોજ મૃત્યુએ જાણે કે રાજકીય ખાલીપો સર્જ્યો છે. એ ખાલીપો ભરવાની વેતરણમાં આખું ભારત જાણે કે તેમની દફનવિધિમાં ઉમટ્યાનો માહોલ જોવા મળ્યો. તમિળનાડુનાં છ-છ વાર મુખ્યમંત્રી થવાનો વિક્રમ સર્જનાર જયલલિતા જયરામના રહસ્યમય મૃત્યુને હજુ બે વર્ષ પણ પૂરાં નથી થયાં ત્યાં કરુણાનિધિ ગયા. છેલ્લા પચાસ વર્ષથી દ્રવિડ મુનેત્ર કળગમ (દ્રમુક-ડીએમકે)ના પ્રમુખ રહેલા "કળઈંગર" કરુણાનિધિએ ૯૪ વર્ષની વયે દેહ છોડ્યો.

૧૯૬૯માં મુખ્યમંત્રી તથા દ્રમુકના વડા

મૂળે કરુણાનિધિ દ્રવિડો માટેના અલગ રાષ્ટ્ર દ્રવિડનાડુ અને પછીથી તમિળો માટેના અલગ રાજ્યના આગ્રહી રહેલા "પેરિયાર" એ.વી.રામાસામીની સ્વાભિમાન ચળવળના યુવા કાર્યકર હતા.પછીથી તમિળ ફિલ્મોની પટકથાના લેખક તરીકે ગાજ્યા. સી.એન.અન્નાદુરાઈએ પેરિયારથી નોખું ચૂંટણીલક્ષી રાજકારણ આરંભ્યું. એ વેળા કરુણાનિધિ સુપરસ્ટાર એમ.જી.રામચંદ્રન સાથે અંતરંગ મૈત્રી ધરાવતા હતા,પણ રાજકીય કટુતાને પગલે એમજીઆરના કટ્ટર દુશ્મન બન્યા.૧૯૬૭માં દ્રવિડ ચળવળના પ્રભાવને કારણે અન્નાનો દ્રમુક પક્ષ સત્તામાં આવ્યો. અન્ના મુખ્યમંત્રી બન્યા.બસ, ત્યારથી આજ લગી કોઈ રાષ્ટ્રીય પક્ષને રાજ્યમાં સત્તા મળી નથી.અન્ના માંડ બે વર્ષ મુખ્યમંત્રીપદે રહ્યા પછી કેન્સરને લીધે ગુજરી ગયા. ૧૯૬૯માં કરુણાનિધિ મુખ્યમંત્રી તથા દ્રમુકના વડા બન્યા.એ પછી કળઈંગરનો પક્ષ દ્રમુક અને એમજીઆરનો પક્ષ અન્નાદ્રમુક મહદઅંશે વારાફરતાં સત્તામાં આવતા રહ્યા.અગાઉ કોંગ્રેસના સી.રાજગોપાલાચારી અને કે.કામરાજ જેવા મહારથીઓ મુખ્યમંત્રીપદે રહ્યા હતા, પણ ૧૯૬૭ પછી તો કોંગ્રેસનું નામું જ નંખાઈ ગયું.

આઝાદી-પ્રજાસત્તાક દિવસનો શોક

મહદઅંશે દક્ષિણ પર ઉત્તરની જોહુકમી સામે દ્રવિડ પક્ષો લડત ચલાવે છે. હિંદી વિરોધી આંદોલનની પહેલ તો કરુણાનિધિએ જ કરી હતી. છેક પેરિયારના વખતથી ભારતને આઝાદી મળી કે દેશ પ્રજાસત્તાક થયો ત્યારે પણ અલગ દ્રવિડનાડુની માંગણી કરીને સ્વતંત્રતા દિવસ કે પ્રજાસત્તાક દિવસનો વિરોધ કરવામાં દ્રવિડ ચળવળના નેતા સક્રિય હતા.પેરિયારની હાકલથી દ્રવિડો માટે અલગ દેશ મેળવાનો પ્રયાસ થયો હતો. હજુ એ ભાવના સુષુપ્ત અવસ્થામાં પડી જ છે. સમયાંતરે કેન્દ્રમાં સત્તા સાથે સંધાણ રાખવા માટે દ્રમુક તથા અન્નાદ્રમુક કોંગ્રેસ અને ભાજપ સાથે અનુકૂળતા મુજબ રાજકીય સહશયનની નીતિ રીતિ બદલતા રહ્યા છે. હજુ આજે પણ કેન્દ્રમાં ભાજપ સત્તામાં હોવા છતાં કોંગ્રેસની જેમજ રાજ્યમાં એનો પ્રભાવ નહીંવત છે.કરુણાનિધિના નિધન પછી બદલાયેલા સંજોગોમાં સર્જાયેલા ખાલીપાને ભરવામાં ભાજપ કે કોંગ્રેસ કેવી કવાયતો હાથ ધારે છે અને કેટલી સફળતા મળે છે,એ ભણી સૌની મીટ છે. રાજ્યના રાજકીય અભ્યાસીઓને લાગે છે કે દ્રવિડ ચળવળનાં વળતાં પાણી થયાં છે ત્યારે કોઈ રાષ્ટ્રીય પક્ષ ફરીને અહીં પગદંડો જમાવી શકે છે.

અવતારવાદનો યુગ પૂરો થયો

"તમિળનાડુમાં હવે ફિલ્મોનું અફીણ ઉતરી ગયું છે," એવું જણાવતાં છેલ્લાં ૬૦ વર્ષથી રાજ્યમાં વસતા અને ૧૯૫૮ની કેડરના આઈએએસ અધિકારી રહેલા દેવેન્દ્ર ઓઝા નામના ગાંધીવાદી ગુજરાતી મહાનુભાવ કરુણાનિધિના મૃત્ય